# નિયામકશ્રી ઇન્ફોર્મેશન ટેકનોલોજીની કચેરી

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦,ગુજરાત

આણંદ કૃષિ યુનિવર્સિટીના સોસિયલ મીડિયા
પેજ(Facebook,Twitter)પર વિવિધ સમાચાર કે
ખેડૂતલક્ષી માહિતી પ્રસારિત કરવા બાબત.

## પરિપત્ર

આથી આકૃયુના સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ/ જે તે કોલેજના આચાર્યશ્રીઓ અને જે તે સંશોધન કેન્દ્ર/વિસ્તરણ કેન્દ્રના વડાશ્રીઓને જણાવવાનું કે આપના યુનિટ દ્વારા મોકલવાની થતી ઉપરોક્ત વિષય અંગેની માહિતી આકૃયુના સોસિયલ મીડિયા પેજ(Facebook,Twitter) ઉપર પ્રસારિત કરવા માટે નીચે સહી કરનારના મોબાઈલ નંબર ૯૯૯૮૦૦૯૯૭૩ પર WhatsApp મેસેજ કે dit@aau.in પર E-mail જે તે સમયે કે તેના પહેલા અથવા પછીના સમયે સત્વરે કરી આપવા નમ્ર વિનંતી.

તેમાં શબ્દોની સંખ્યા મહત્તમ ૨૮૦ અને વધુમાં વધુ ચાર ફોટો જે તે વિષય/કાર્યક્રમને અનુરૂપ મોકલવા. સદર WhatsApp મેસેજ કર્યા પછી જો શક્ય હોય તો એક સાદો Text Message (એસએમએસ) દ્વારા મોબાઈલ નંબર (૯૯૯૮૦૦૯૯૭૩) પર જાણ કરવા નમ્ર વિનંતી. (નીચે સહી કરનાર આખો દિવસ ઓનલાઈન /ઈન્ટરનેટ સાથે જોડાયેલ ન પણ હોય શકે.)

વધુમાં જણાવવાનું કે સદર WhatsApp મેસેજ કે ઇ-મેલ માત્ર ને માત્ર યુનિવર્સિટી ઓફિસર/જે તે કોલેજ કે પોલિટેકનીકના આચાર્યશ્રીઓના માત્ર અને માત્ર અધિકૃત ઇ-મેઇલ (@aau.in વાળા) કે WhatsApp મેસેજ કરવા માટે યુનિ. દ્વારા મળેલ અધિકૃત/હોદ્દાગત મોબાઇલ નંબર મારફતે જ કરવાનો રહેશે અને તેમાં કોઈ ક્ષતિ કે ભૂલ ન હોય તેની સઘળી ખાત્રી કર્યા બાદ જ સદર WhatsApp મેસેજ કે ઇ-મેઇલ મોકલવાનો રહેશે. અન્ય કોઇ ખાનગી ઈ-મેઇલ કે મોબાઇલ નંબર પરથી મોકલવામાં આવેલ માહિતી / મેસેજધ્યાને લેવામાં આવશે નહિ જેની નમ્રનોંધ લેવી.

(signature)
નિયામક
ઇન્ફોર્મેશન ટેકનોલોજી

નં.આકૃયુ/ડીઆઈટી/૩૫૬-૩૫૬/૨૦૧૮
તા.૯/૧૦/૨૦૧૮

નકલ સવિનય રવાના:
માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ નમ્ર જાણ સારૂ.

નકલ રવાના:
તમામ યુનિ. અધિકારીશ્રીઓ, તમામ કોલેજો/પોલીટેક્નિકના ડીનશ્રી તેમજ આચાર્યશ્રીઓ તેમજ સંશોધન કેન્દ્ર અને વિસ્તરણ કેન્દ્રોના વડાશ્રીઓ તરફ નમ્ર જાણ તેમજ ઘટતુ થવા સારૂ.